ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૫-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઉત્તર ગુજરાતનો દબદબો

કદાચ પહેલી વાર જ ઉત્તર ગુજરાતના ઇતિહાસમાં આવો સુવર્ણકાળ આવ્યો છે. સિદ્ધરાજ જયસિંહનો સમય ગુજરાતના સુવર્ણકાળ તરીકે જાણીતો છે પરંતુ એ તો રાજાશાહીનો જમાનો હતો. લોકશાહીમાં ઉત્તર ગુજરાતનો આવો રાજયોગ પહેલી જ વાર સરજાયો છે. નરેન્દ્ર મોદી દેશનાં વડાપ્રધાન બની ગયા છે, ઉત્તર ગુજરાતના વડનગર ગામ માટે એની હયાતીની આ સર્વશ્રેષ્ઠ ક્ષણો છે. વડનગર સોલંકી યુગમાં અને એથી પહેલાં દેશની અગ્રગણ્ય સંસ્કારનગરી હતી. તાનારીરી જેવી સંગીતકાર બેલડી આપનાર આ નગરમાં ડો. દ્વારકાદાસ જોષી અને ડો. વસંત પરીખ જેવા સમર્પિત લોકસેવકો પાક્યા છે. નરેન્દ્ર મોદીનો ઉછેર આવી વિભૂતિઓ હસ્તક થયેલ હોઇ આજે રાષ્ટ્રના તમામ રાજનેતાઓ કરતાં ઘણી બાબતોમાં એ નોખા પડે છે. નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતના વતની છે એમ એમનાં અનુગામી આનંદીબેન પટેલ પણ ઉત્તર ગુજરાતનાં વતની છે. તેઓ વિજાપુર તાલુકાના ખરોડ ગામનાં દીકરી છે અને વિસનગર નજીક કડા ગામનાં વિદ્વાન સારસ્વત ડો. મફતલાલ પટેલ સાથે એમનાં લગ્ન થયા હતા. આ સરકારમાં નંબર-ટુ એવા રાજયના આરોગ્યમંત્રી તથા અગાઉની સરકારમાં પણ નંબર-ટુ અને નાણામંત્રી નીતિનભાઇ પટેલ પણ મૂળ કડીના વતની છે અને અત્યારે મહેસાણા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. સમાજ કલ્યાણમંત્રી રમણલાલ વોરાનું પણ મૂળ ગોત્ર મહેસામા જિલ્લો છે. સાબરકાંઠાના ઇડર અનુસૂચિત વિસ્તારમાંથી ચૂંટાયા પછી તેઓ સતત કેબિનેટ મંત્રી તરીકે ફરજ બજાવતા રહ્યા છે. આ સરકારમાં રાજયકક્ષાના ગૃહમંત્રી રજનીકાંત પટેલ ઉપરાંત ઉત્તર ગુજરાતના જ દિલીપસિંહ ઠાકોર અને મોદીના અંગત વિશ્વાસુ સાથી શંકરભાઇ ચૌધરી ઉપરાંત વિપક્ષના નેતા તરીકે બિરાજતા શંકરસિંહ વાઘેલાનું મૂત્ર ગોત્ર પણ જૂનો મહેસાણા જિલ્લો છે. આમ, ઉત્તર ગુજરાતની આજે અત્રતત્રસર્વત્ર બોલબાલા છે. મોદીના વિશ્વાસુ સાથી અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં એમનાં સારથિ અમિત શાહ મૂળે માણસાના વતની છે. અમિત શાહ હવે રાષ્ટ્રીય નેતા તરીકે ઉપસતાં કેન્દ્રમાં ભાજપ સરકારના બેઉ મહારથીઓ બિરાજશે, ઉત્તર ગુજરાતનો આટલો દબદબો હોય એવો આ સમય ઘણાં વર્ષો પછી આવ્યો છે - સિદ્ધરાજ સોલંકીનો યુગ હતો એવો જ લોકશાહીમાં મોદીયુગ શરૂ થયો છે, જેની પાસે દેશની ઘણી ઊંચી અપેક્ષાઓ છે. પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનેલા આનંદીબેન પટેલ સામે નરેન્દ્ર મોદીના સુશાસન અને વિકાસકૂચને જાળવી રાખવાની અને આગળ વધારવાનો પડકાર છે, તો દેશના વડાપ્રધાન બનેલા તદ્દન સાધારણ પરિવારમાં ઉછરી આજની ઊંચાઇએ પહોંચેલા નરેન્દ્ર મોદી સામે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા ઉપરાંત વ્યાપક મોંઘવારી-ભ્રષ્ટાચાર અને બેરોજગારી જેવી સમસ્યાઓ હલ કરવાની જવાબદારી છે. ઉત્તર ગુજરાતના લોકો પરિશ્રમી છે. એમને વીઆપી-સિન્ડ્રોમ વળગી શકતું નથી. નરેન્દ્ર મોદીએ જે રીતે ગુજરાતની વિદાય લેતી વેળાએ ભાવુક બની પ્રજાની ક્ષમાયાચના કરી અને વરિષ્ઠ નેતા કેશુભાઇ પટેલને આનંદીબેન પટેલના શપથવિધિ સમારોહ વખતે જાતે ટેકો આપી મંચ પર દોરી ગયા, જે રીતે સંસદના સેન્ટ્રલ હોલમાં વરિષ્ઠ નેતા અડવાણીજીના 'કૃપા' શબ્દથી ગદ્ગદ્ થઇ ગયા - તે બધું સૂચક છે. આ ઉત્તર ગુજરાતની ધરતીના સંસ્કાર છે.

# ધોરણ ૧૨ સાયન્સનું ૯૪.૧૪ ટકા રેકોર્ડ પરિણામ

## કુલ વિદ્યાર્થીઓ પૈકી ૩૦૬ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ : ગુજરાતી કરતા અંગ્રેજી માધ્યમનું પરિણામ વધુ : અસારવા, ગોંડલ, ધંધુકા કેન્દ્રનું ૧૦૦ ટકા રિઝલ્ટ : છોટાઉદેપુરનું સૌથી ઓછુ ૫૫.૧૬ ટકા પરિણામ

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતુ. જેમાં પરિણામ રેકોર્ડ ૯૪.૧૪ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઇ ગઇ હતી. જો કે, ઓછી ટકાવારીથી પાસ થનાર વિદ્યાર્થીઓમાં ઉંચા પરિણામના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.

આ વર્ષે ૧૧૫ કેન્દ્રો પરથી ૧૧૪૭૭૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી કુલ ૧૧૪૨૦૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૦૭૫૦૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. રાજ્યનું ધોરણ ૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહનું સમગ્ર સંકલિત પરિણામ ૯૪.૧૪ ટકા જાહેર કરાયું હતું. શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં અત્યારસુધીનુ સૌથી ઉંચુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગયા વર્ષે ૯૩.૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ બોર્ડ દ્વારા રાજ્યના ૧૧૫ પરીક્ષા કેન્દ્રોથી માર્ચ ૨૦૧૪માં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી નોંધાયેલા ૧૧૪૭૭૮ પરીક્ષાર્થીઓમાંથી ૧૧૪૨૦૪ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૦૭૫૦૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આમ ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહનુ સરેરાશ પરિણામ ૯૪.૧૪ ટકા રહ્યું છે. જ્યારે પરીક્ષામાં એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર રહેનાર ૫૮૦ વિદ્યાર્થીઓનુ પરિણામ રોકી દેવામાં આવ્યું છે. જ્યારે પરિક્ષામાં ચોરી કરતા ઝડપાયેલા ૩૪૦ વિદ્યાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવ્યા છે અને પરીક્ષા ખંડમાં ગેરરીતિ આચરતા જેમની ઉપર જે તે વેળાએ કોપી કેસ થયેલા છે તેવા ૧૨ ઉમેદવારો ઉમેરાતા કુલ ૩૫૨ ઉમેદવારના પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા છે.

આ વિદ્યાર્થીઓના પરિણામ શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલી સુનાવણી બાદ જાહેર કરવા અંગે નિર્ણય કરવામાં આવનાર છે. આ સિવાયના તમામ વિદ્યાર્થીઓએ આજે માર્કશીટ આપી દેવામાં આવી હતી.ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ પર નજર કરવામાં આવે તો સરેરાશ પરિણામ ૯૪.૧૪ ટકા રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓનુ સરેરાશ પરિણામ ૯૩.૮૯ ટકા રહ્યું છે. જ્યારે વિદ્યાર્થિનીઓનુ પરિણામ ૯૪.૪૩ ટકા જાહેર કરાયું છે. રાજ્યમાં સૌથી વધુ પરિણામ પાટણ જિલ્લાનુ ૯૮.૬૧ ટકા રહ્યું છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ નર્મદા જિલ્લાનુ ૭૪.૭૩ ટકા રહ્યું છે. કેન્દ્રની દ્રષ્ટિ જોઈએ તો સૌથી વધુ ૧૦૦ ટકા પરિણામ અસારવા, ગોંડલ અને ધંધુકા કેન્દ્રનુ નોંધાયું છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ છોટા ઉદેયપુર કેન્દ્રનુ ૫૫.૧૬ ટકા રહ્યું છે. રાજ્યમાં કુલ ૩૮૬ શાળા ૧૦૦ ટકા પરિણામ મેળવવામાં સફળ રહી છે. જ્યારે ૧૦ શાળા એવી છે જેનુ પરિણામ ૧૦ ટકા કરતા ઓછુ રહ્યું છે. કુલ વિદ્યાર્થીઓ પૈકી ૩૦૬ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૩૭૦૫ વિદ્યાર્થી એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનુ પરિણામ ૯૬.૭૭ ટકા રહ્યું છે. જ્યારે ગુજરાતી માધ્યમની શાળાનુ પરિણામ ૯૩.૭૭ ટકા રહ્યું છે. તો એ ગ્રુપના વિદ્યાર્થીઓનુ પરિણામ ૯૫.૫૬ ટકા રહ્યું છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા હતી. ચાલુ વર્ષે સીસીટીવી કેમેરા અને ટેબ્લેટના ફુટેજ જોતા જે સુપરવાઇઝરો સુપરવિઝનની કામગીરીમાં નિષ્ક્રિય રહ્યા હતા તેવા ૯૯ શિક્ષકોને નોટિસ આપી તેમની સામે નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરાવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ જુદી જુદી શાળાઓમાં ૨૯ સુપરવાઈઝર તેમની કામગીરીમાં નિષ્ક્રિય દેખાયા હતા. તેમની સામે વિધિવત કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# અમદાવાદ જિલ્લાનું સરેરાશ ૯૭.૫૮ ટકા રિઝલ્ટ જાહેર

## અમદાવાદ જિલ્લામાં કુલ ૧૪૯૩૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જે પૈકીના ૧૪૮૭૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા

અમદાવાદ, તા.૨૩

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે પરીણામ જાહેર કરવામાં આવ્યું જેમાં અમદાવાદ જિલ્લાનું સરેરાશ ૯૭.૫૮ ટકા પરીણામ જાહેર કરાયું હતું. અમદાવાદ જિલ્લામાં કુલ ૧૪૯૩૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૪૮૭૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થવામાં સફળ રહ્યા છે. જેમાંથી ૪૮ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ અને ૭૬૫ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે.

અમદાવાદ જિલ્લાના બે પરીક્ષા બે ભાગોમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી અમદાવાદ શહેરનું ૯૬.૯૭ ટકા અને અમદાવાદ રાજ્યનું ૯૮.૧૨ ટકા પરીણામ જાહેર કરવામાં આવ્યું છે એટલે કે જિલ્લાનું સરેરાશ પરીણામ ૯૭.૫૮ ટકા રહ્યું છે. અમદાવાદ શહેરમાંથી કુલ ૯૩૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૯૩૩૮ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. જેમાંથી ૩૮ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ, ૫૩૮ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ, ૧૧૯૧ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડ, ૧૯૫૧ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડ, ૨૭૫૪ વિદ્યાર્થીઓ સી-૧ ગ્રેડ, ૨૧૭૦ વિદ્યાર્થીઓ સી-૨ ગ્રેડ અને ૪૧૩ વિદ્યાર્થીઓ ડી ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૩૨૨ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવ્યા છે.

જ્યારે અમદાવાદ ગ્રામ્યમાંથી કુલ ૫૫૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫૫૩૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થવામાં સફળ રહ્યા છે. જેમાંથી ૧૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ, ૨૨૭ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ, ૫૫૭ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડ, ૧૨૪૪ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડ, ૧૮૩૮ વિદ્યાર્થીઓ સી-૧ ગ્રેડ, ૧૩૪૦ વિદ્યાર્થીઓ સી-૨ ગ્રેડ અને ૨૧૮ વિદ્યાર્થીઓ ડી ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. તો ૧૨૭ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર કરાયા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં અસારવા કેન્દ્ર ૧૦૦.૦૦ ટકા પરીણામ સાથે સૌથી વધુ પરીણામ મેળવનાર કેન્દ્ર બન્યું છે.

## ૯૯થી પર પર્સન્ટાઈલ રેંક મેળવનારા ૧૧૭૬ વિદ્યાર્થી

### એ ગ્રુપના કુલ ૭૪૮ અને બી ગ્રુપના ૪૨૮ વિદ્યાર્થીઓ ૯૯ ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેળવી લેવામાં સફળ રહ્યા

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી બોર્ડની પરિક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે ખુબ ઉંચુ રેકોર્ડ પરિણામ નોંધાયું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં છેલ્લા બે વર્ષથી પરિણામમાં પર્સન્ટાઇલ રેંક આપવામાં આવે છે જેમાં એ-બી ગ્રુપના વિદ્યાર્થીઓનો સમાવેશ એ અને બી બંને ગ્રુપના વિષયોમાં મેળવેલ માર્કના આધારે પર્સન્ટાઇલ રેંકની ગણતરી કરવામાં આવે છે. જેના આધારે કુલ એ ગ્રુપના ૭૪૮ વિદ્યાર્થીઓ અને બી ગ્રુપના ૪૪૮ વિદ્યાર્થીઓ ૯૯ ઉપર પર્સન્ટાઇલ રેંક મેળવવામાં સફળ રહ્યા છે. બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ પૈકી ૯૯થી ઉપર પર્સન્ટાઇલ રેંક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓમાં રહ્યા છે.

## પર્સન્ટાઈલ રેંકનું ચિત્ર

ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં પર્સન્ટાઇલ રેંક આપવામાં આવે છે. ૧૧૭૬ વિદ્યાર્થીઓનો પર્સન્ટાઇલ રેંક ૯૯થી ઉપર રહ્યો હતો. પર્સન્ટાઇલ રેંકનું ચિત્ર નીચે મુજબ છે.

| પર્સન્ટાઇલ રેંક | એ ગ્રુપ | બી ગ્રુપ |
|---|---|---|
| ૯૯થી ઉપર | ૭૪૮ | ૪૨૮ |
| ૯૮થી ઉપર | ૧૪૯૦ | ૮૫૩ |
| ૯૬થી ઉપર | ૨૯૩૮ | ૧૬૫૯ |
| ૯૨થી ઉપર | ૫૮૪૮ | ૩૩૧૪ |
| ૯૦થી ઉપર | ૭૪૩૦ | ૪૧૩૮ |
| ૮૫થી ઉપર | ૧૦૯૬૭ | ૬૨૫૬ |
| ૮૦થી ઉપર | ૧૪૬૩૪ | ૯૩૧૮ |
| ૭૫થી ઉપર | ૧૮૪૯૦ | ૧૦૩૦૧ |
| ૭૦થી ઉપર | ૨૧૯૨૨ | ૧૨૪૩૩ |
| ૬૫થી ઉપર | ૨૫૭૫૧ | ૧૪૫૫૬ |
| ૫૦થી ઉપર | ૩૬૬૩૨ | ૨૦૬૪૭ |
| ૪૦થી ઉપર | ૪૪૦૫૯ | ૨૪૮૯૦ |
| ૩૦થી ઉપર | ૫૧૧૬૫ | ૨૮૯૮૩ |
| ૨૦થી ઉપર | ૫૮૭૩૭ | ૩૩૧૦૫ |
| ૦૦થી ઉપર | ૭૩૦૧૩ | ૪૧૨૨૨ |

### વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં શિક્ષણમંત્રી

ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા અંતર્ગત માર્ચ-૨૦૧૪માં લેવાયેલ ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તીર્ણ થનાર રાજયના તમામ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ હાર્દિક અભિનંદન સાથે ભાવિ તેજસ્વી કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી છે.

# ધોરણ-૧૨ વિજ્ઞાન : ફરી વિદ્યાર્થીનીઓ જ આગળ

## વિદ્યાર્થઓની પાસની ટકાવારી ૯૩.૯૮ ટકા નોંધાઈ

અમદાવાદ,તા. ૨૩

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૪.૧૪ ટકા રેકોર્ડ બ્રેક પરિણામ જાહેર થયું છે તેમાં ફરી એકવાર વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીઓનીઓએ મેદાન મારી લીધું છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં કુલ ૭૪૭૯૯ ટકા વિદ્યાર્થીઓ ઉપરસ્થિત રહ્યા હતા જેમાંથી ૭૦૨૯૪ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થતાં કુલ ૯૩.૯૨ ટકા પરિણામ જાહેર થયું છે જ્યારે તેની તુલનામાં પરીક્ષા આપનાર ૩૯૪૦૫ વિદ્યાર્થીનીઓમાંથી ૩૭૨૧૨ વિદ્યાર્થીની ઉત્તિર્ણ થવામાં સફળ રહી છે એટલે કે વિદ્યાર્થીનીઓએ ૯૪.૪૩ ટકા પરિણામ સાથે ફરી એકવાર મેદાનમાં મારી લીધું છે. છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ કરતા આગળ રહી છે. શિક્ષણ સાથે સંકળાયેલા નિષ્ણાતો આના માટે જુદા જુદા તારણો આપે છે. કેટલાક લોકોનું એમ પણ કહેવું છે કે, વિદ્યાર્થીઓને વધારે સમય મળે છે પરંતુ કેટલાક નિષ્ણાતો આ બાબત સાથે સહમત નથી. વિદ્યાર્થીનીઓ હવે વધુ સાવધાન થઈ છે. ઉપસ્થિત કુલ સંખ્યાની વાત કરવામાં આવે તો પણ વિદ્યાર્થીનીઓનો આંકડો સંતોષજનક રહ્યો છે.

## જિલ્લા પ્રમાણે પરિણામ....

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. ૯૮.૬૧ ટકા પરિણામ સાથે પાટણ જિલ્લો રાજ્યમાં મોખરે રહ્યો હતો જ્યારે રાજ્યમાં સૌથી ઓછું નર્મદા જિલ્લાનું ૭૪.૭૩ ટકા પરિણામ રહ્યું હતું. જિલ્લા પ્રમાણે પરિણામ નીચે મુજબ છે.

| જિલ્લો | વિદ્યાર્થી | પાસ થનાર | નાપાસ થનાર | ટકાવારી |
|---|---|---|---|---|
| અમદાવાદ-સી | ૯૩૭૭ | ૯૩૩૮ | ૩૨૨ | ૯૬.૯૭ |
| અમદાવાદ-આર | ૫૫૬૨ | ૫૫૩૯ | ૧૨૭ | ૯૮.૧૨ |
| અમરેલી | ૨૩૮૦ | ૨૩૫૪ | ૧૪૩ | ૯૫.૦૩ |
| કચ્છ | ૧૦૫૨ | ૧૦૪૬ | ૫૦ | ૯૫.૭૯ |
| ખેડા | ૩૫૦૬ | ૩૪૮૦ | ૨૪૮ | ૯૩.૬૨ |
| જામનગર | ૧૮૫૮ | ૧૮૪૯ | ૧૪૫ | ૯૨.૬૪ |
| જુનાગઢ | ૫૫૩૮ | ૫૫૧૩ | ૩૨૩ | ૯૪.૫૯ |
| ડાંગ | ૨૧૩ | ૨૦૯ | ૪૨ | ૮૧.૮૨ |
| પંચમહાલ | ૩૨૮૫ | ૩૨૫૧ | ૪૫૩ | ૮૭.૧૧ |
| બનાસકાંઠા | ૩૭૭૯ | ૩૭૬૧ | ૩૬૯ | ૯૦.૬૭ |
| ભરૂચ | ૨૮૬૨ | ૨૮૫૧ | ૨૫૦ | ૯૧.૬૨ |
| ભાવનગર | ૪૬૭૬ | ૪૬૩૮ | ૪૧૩ | ૯૧.૯૧ |
| મહેસાણા | ૫૬૨૮ | ૫૬૧૮૯ | ૯૬ | ૯૮.૪૫ |
| રાજકોટ | ૧૧૧૪૫ | ૧૧૧૧૧ | ૩૫૭ | ૯૭.૦૯ |
| વડોદરા | ૭૨૯૬ | ૭૨૩૩ | ૭૩૩ | ૯૦.૭૪ |
| વલસાડ | ૪૪૩૭ | ૪૪૧૩ | ૪૨૭ | ૯૦.૮૭ |
| સાબરકાંઠા | ૫૬૪૫ | ૫૬૨૨ | ૩૫૨ | ૯૪.૧૫ |
| સુરત | ૧૩૦૫૧ | ૧૨૯૯૦ | ૬૯૫ | ૯૫.૧૨ |
| સુરેન્દ્રનગર | ૨૫૬૧ | ૨૫૮૮ | ૪૨ | ૯૭.૧૮ |
| મધ્ય આણંદ | ૮૦૫ | ૮૦૨ | ૮૫ | ૮૯.૭૮ |
| આણંદ | ૫૨૭૬ | ૫૨૪૨ | ૨૮૪ | ૯૫.૨૩ |
| પાટણ | ૨૫૯૪ | ૨૫૮૮ | ૪૨ | ૯૮.૬૧ |
| નવસારી | ૪૦૫૧ | ૪૦૪૦ | ૫૧૪ | ૮૭.૫૫ |
| દાહોદ | ૧૪૬૨ | ૧૪૫૩ | ૧૯૯ | ૮૬.૯૨ |
| પોરબંદર | ૩૩૯ | ૩૩૬ | ૪૧ | ૮૮.૬૯ |
| નર્મદા | ૫૫૭ | ૫૫૦ | ૧૪૬ | ૭૪.૭૩ |
| ગાંધીનગર | ૫૦૦૦ | ૪૯૮૩ | ૧૭૩ | ૯૬.૮૭ |
| તાપી | ૮૪૩ | ૮૩૭ | ૧૬૬ | ૮૦.૮૮ |
| કુલ | ૧૧૪૭૭૮ | ૧૧૪૨૦૪ | ૭૨૭૨ | ૯૪.૧૪ |

## ગુજકેટ : પર્સન્ટાઈલ રેન્ક

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરિક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતુ.પરિણામ રેકોર્ડ ૯૪.૧૪ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સાથે સાથે ગુજકેટની પરીક્ષાનુ પરિણામ પર જાહેર કરવામાં આવ્યું હતું. ગુજકેટની પરીક્ષામાં બી ગ્રુપના ૪૫૨૫૫ અને એબી ગ્રુપના ૧૩૧૯ વિદ્યાર્થીઓ સહિત કુલ ૪૬૫૭૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથઈ ૧૮૧૩૪ વિદ્યાર્થીઓ અને ૨૮૪૪૦ વિદ્યાર્થીનીઓ હતી. જેમાં ૪૬૯ વિદ્યાર્થીઓ ૯૯ ઉપર પર્સન્ટાઈલ રેંક મેળવવામાં સફળ રહ્યા છે તો કુલ ૪૬૮૯ વિદ્યાર્થીઓ ૯૦ ઉપર પર્સન્ટાઈલ રેંક મેળવવામાં સફળ રહ્યા છે અને ૯૩૪૧ ઉમેદવારો ૮૦ પર પર્સન્ટાઈલ રેંક મેળવવામાં સફળ રહ્યા છે. ગુજકેટમાં પર્સન્ટાઈલ રેંકનું ચિત્ર નીચે મુજબ છે.

| પર્સેન્ટાઇલ રેંક | વિદ્યાર્થી | | |
|---|---|---|---|
| ૯૯થી ઉપર | ૪૬૯ | ૭૫થી ઉપર | ૧૧૬૬૫ |
| ૯૮થી ઉપર | ૯૩૦ | ૭૦થી ઉપર | ૧૪૦૨૦ |
| ૯૬થી ઉપર | ૧૮૬૭ | ૬૫થી ઉપર | ૧૬૪૪૮ |
| ૯૨ ટકાથી ઉપર | ૩૭૨૯ | ૫૦થી ઉપર | ૨૩૨૯૨ |
| ૯૦થી ઉપર | ૪૬૮૯ | ૪૦થી ઉપર | ૨૭૯૪૬ |
| ૮૫થી ઉપર | ૭૦૧૬ | ૩૦થી ઉપર | ૩૨૭૫૩ |
| ૮૦થી ઉપર | ૯૩૪૧ | ૨૦થી ઉપર | ૩૭૪૧૯ |
| | | શુન્યથી ઉપર | ૪૬૫૭૪ |

## માધ્યમ પ્રમાણે પરિણામ...

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૯૪.૧૪ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાંથી અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૯૭.૭૧ ટકા પરિણામ રહ્યું છે જ્યારે ગુજરાતી માધ્યમનું ૯૩.૭૭ ટકા પરિણામ આવ્યું છે. હિન્દી માધ્યમનું ૮૫.૬૨ ટકા, મરાઠી માધ્યમનું ૭૭.૧૪ ટકા અને ઉર્દૂ માધ્યમનું ૭૫.૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. બીજી બાજુ ગુજરાતી માધ્યમમાં ૧૮૪ વિદ્યાર્થીઓ અને અંગ્રેજી માધ્યમમાં ૧૨૨ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે જ્યારે હિન્દી, મરાઠી અને ઉર્દૂ માધ્યમમાં એક પણ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ મેળવી શક્યો નથી. હિન્દી અને ગુજરાતી માધ્યમની સરખામણીમાં અંગ્રેજી માધ્યમનું પરિણામ વધારે રહ્યું છે જે સાબિત કરે છે કે, હિન્દી અને ગુજરાતી ભાષાને હવે ઓછું મહત્વ આપવામાં આવી રહ્યું છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી અને હિન્દી કરતા વધારે રહેતા જાણકાર નિષ્ણાતોમાં પણ આને લઈને ચર્ચા છે. આધુનિક સમયમાં વાલીઓ અંગ્રેજી માધ્યમને વધારે મહત્વ આપી રહ્યા છે. હિન્દી માધ્યમના ૧૩૦૭ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જે પૈકી એ૧ ગ્રેડ કોઈપણ વિદ્યાર્થીને મળ્યો નથી જ્યારે એ૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ૧૩ નોંધાયા છે. માધ્યમ પ્રમાણે પરિણામ નીચે મુજબ છે.

| માધ્યમ | ઉપસ્થિત | ગ્રેડ | | | | નાપાસ | કુલ પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| | | એ૧ | એ૨ | બી૧ | બી૨ | | |
| ગુજરાતી | ૯૪૫૩૨ | ૧૮૪ | ૨૫૦૯ | ૭૧૪૬ | ૧૪૯૦૫ | ૬૩૪૪ | ૯૩.૭૭ |
| અંગ્રેજી | ૧૮૨૮૨ | ૧૨૨ | ૧૧૮૩ | ૨૩૯૩ | ૩૯૨૧ | ૬૮૭ | ૯૬.૭૧ |
| હિન્દી | ૧૩૦૭ | ૦ | ૧૩ | ૩૩ | ૧૦૪ | ૨૨૦ | ૮૫.૬૨ |
| મરાઠી | ૩૫ | ૦ | ૦ | ૧ | ૦ | ૮ | ૭૭.૧૪ |
| ઉર્દૂ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૭૫.૦૦ |
| કુલ | ૧૧૪૨૦૪ | ૩૦૬ | ૩૭૦૫ | ૯૫૭૬ | ૧૮૯૩૦ | ૭૨૭૨ | ૯૪.૧૪ |

# વિજ્ઞાન પ્રવાહ પરિણામનુ ચિત્ર

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરિક્ષાનુ પરિણામ આજે રેકોર્ડ ૯૪.૧૪ ટકા રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. આ વર્ષે પરીક્ષા આપનાર કુલ ૧૧૪૨૦૪ વિદ્યાર્થીઓ પૈકી ૧૦૭૫૦૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં અત્યારસુધીનુ સૌથી ઉંચુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગયા વર્ષે ૯૩.૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ ઉંચુ પરિણામ જાહેર કરવામાં આવતા ઓથછી ટકાવારી ધરાવનાર સામે તકલીફ પડે તેવી શક્યતા છે.

એકંદરે પરિણામ ---------------------------------------- ૯૪.૧૪ ટકા
વિદ્યાર્થીઓનુ પરિણામ ---------------------------------- ૯૩.૯૮ ટકા
વિદ્યાર્થીનિઓનુ પરિણામ -------------------------------- ૯૪.૪૩ ટકા
વધુ પરિણામ ધરાવતા કેન્દ્ર ------------------ અસારવા, ગોંડલ અને ધંધુકા (૧૦૦ ટકા)
ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ------------------------------ છોટાઉદેપુર (૫૫.૧૬ ટકા)
વધુ પરિણામ ધરાવતો જિલ્લો -------------------------- પાટણ (૯૮.૬૧ ટકા)
ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો ------------------------- નર્મદા (૭૪.૭૩ ટકા)

૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ------------------------ ૩૮૬
૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા ---------------- ૧૦
એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ------------------------ ૩૦૬
એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ------------------------ ૩૭૦૫
અગ્રેજી માધ્યમના પરિણામની ટકાવારી -------------------- ૯૬.૭૧
ગુજરાતી માધ્યમના પરિણામની ટકાવારી ------------------ ૯૩.૭૭
એ ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ -------------------------- ૯૫.૫૬
બી ગ્રુપના પરિણામની ટકાવારી -------------------------- ૯૧.૬૨
એબી ગ્રુપ પરિણામની ટકાવારી -------------------------- ૮૭.૧૦
વિકલાંગની ટકાવારી ------------------------------------ ૧૨૬
૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડ લાભ સાથે પાસ ------------------ ૨૯
ગેરરિતીના કેસ ---------------------------------------- ૩૫૨
પરિણામ અનામત --------------------------------------- ૩૫૨